RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 252* Date: 09.07.2021 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### અમદાવાદમાં ૧૪૪મી રથયાત્રાને રૂપાણી સરકારની મંજૂરી

# 'કર્ફ્યૂ' વચ્ચે 'જગતના નાથ' નગરચર્યાએ નીકળશે



### અખાડા, ટ્રક, ગજરાજ અને ભજન મંડળી, પ્રસાદ પર પ્રતિબંધ, રથયાત્રામાં માત્ર પાંચ વાહનોને જ મંજૂરી, રથયાત્રાનું લાઇવ પ્રસાર કરવામાં આવશે

ગાંધીનગર,તા.૮

અમદાવાદમાં ૧૪૪મી રથયાત્રાને સીએમ રૂપાણી સરકારે પરવાનગી આપી દીધી છે. રાજયના ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ પ્રેસ કોન્ફરન્સ કરીને આ જાણકારી આપી હતી. કરફ્યૂ સાથે અમદાવાદમાં રથયાત્રા નીકળશે. અને મંગળા આરતીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ઉપસ્થિત રહેશે. સાથે જ પહિંદ વિધિ સીએમ રૂપાણી અને નીતિન પટેલે દ્વારા કરવામાં આવશે.

રથયાત્રાના સમગ્ર માર્ગ પર પ્રસાદના વિતરણ પર પ્રતિબંધ રહેશે. રથયાત્રા જ્યાંથી પસાર થવાની છે ત્યાં કરફ્યૂનો અમલ કરાવીને મંદિરથી પ્રસ્થાન કરીને નીજ મંદિરે પરત આવે ત્યાં સુધી દર્શનાથીઓ એકાએક રથની નજીક આવીને કોરોના પ્રોટોકોલનો ભંગ ન થાય તે માટે કરફ્યૂના અમલ સાથે રથયાત્રા કાઢવાની પરવાનગી આપી છે. અમદાવાદની ઐતિહાસિક અને ભવ્ય રથયાત્રા છે તેમાં સવારે દેશના ગૃહમંત્રી અમિત શાહ મંગળા આરતીની અંદર ઉપસ્થિત રહીને વર્ષોની પરંપરા અનુસાર હાજર રહેશે. અને સવારે રથના પ્રસ્થાનની પહિંદ વિધિ સીએમ વિજય રૂપાણી અને નીતિન પટેલની ઉપસ્થિતિમાં મર્યાદિત લોકોની હાજરીમાં પહિંદ વિધિ કરી અને પછી રથનું પ્રસ્થાન કરવામાં આવશે.

આ જે ચિંતા કરી રહ્યા છે તેનું કારણ બીજી કોરોનાની લહેરનો આપણને અનુભવ છે અને સંભવિત ત્રીજી લહેર માટે રાજ્ય સરકાર અત્યારે આગોતરું આયોજન કરી રહ્યું છે. તેમાં આના કારણે કોઈ સમસ્યા ઉભી ન થાય તે માટે આ પ્રોટોકોલ રાખવામાં આવ્યા છે. લોકોને હું વિનંતી કરું છું કે રથયાત્રાના લાઈવ કવરેજ કરવામાં આવનાર છે. જેથી કરીને જુદી જુદી પોળોમાં લોકો એકત્રિત થતાં હોય છે, સમૂહ ભોજન કરતાં હોય છે. તેવામાં કોરોના પ્રોટોકોલ હેઠળ જે પરવાનગી આપી છે તેમાં કોઈએ રોડ પર આવીને દર્શન કરવાના નથી અને ટીવી ચેનલના લાઈવ કવરેજના માધ્યમથી દર્શન કરવાના છે.

રથયાત્રામાં પાંચ જેટલાં વાહનો રથયાત્રાની પરંપરાગત ૩ જેટલાં રથ, મહંત શ્રી સાથે પાંચ વાહનોને પરવાનગી આપવામાં આવશે. જે ખલાસીઓ રથ ખેંચતા હોય છે તેઓને ૪૮ કલાક આરટીપીસીઆર નેગેટિવ અને પ્રથમ ડોઝ રસીનો લીધો હોવો જોઈએ અને બંને ડોઝ લીધા હોય તેવા ખલાસીને અગ્રિમતા આપવામાં આવશે. અને નિયત માત્રાની અંદર અંતર રહે તેમજ નક્કી કરેલ લોકો સિવાય રથ પર કોઈ ઉપસ્થિત ન રહે તેની સૂચના આપવામાં આવી છે. જે લોકો રથયાત્રા સાથે જોડાશે ફેસ કવર, માસ્ક, સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવાનું રહેશે. કોરોનાની મહામારીની વચ્ચે પણ કોરોનાના કેસો સતત અભ્યાસ કરીને કયા પ્રકારે લોકોની આસ્થાનું જતન કરી શકાય તે માટે સીએમ રૂપાણી દ્વારા કોર કમિટીની અંદર આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ખાસ કરીને અમદાવાદ શહેરની રથયાત્રા નીજ મંદિરથી નીકળીને સરસપુર મોસાળમાં નિયત કરેલાં સમયે નિયત કરેલા લોકો ઉપસ્થિત રહેશે અને નિયત સમય સુધી જ રોકાણ કરાશે અને ફરીથી નીજ મંદિર સુધી પહોંચે ત્યાં સુધીનું આયોજન કરાયું છે. આ વખતની રથયાત્રા પરંપરાગત રથયાત્રા કરતાં અલગ રીતે કરવામાં આવી છે. હાથી, ટ્રકો, ભજન મંડળીઓ અને અખાડાઓને મંજૂરી આપવામાં આવેલી નથી.

૭ પોલીસ સ્ટેશનનો વિસ્તાર રથયાત્રા સાથે સંકળાયેલ છે અને તેમાં કરફ્યૂ લગાવવામાં આવશે. આગોતરી લોકોને જાણકારી આપવામાં આવી છે કે રથ નીજમંદરિથી નીકળી અને પરત ફરે ત્યાં પશ્ચિમ અને પૂર્વ અમદાવાદને જોડતાં તમામ બ્રિજ ટ્રાફિક માટે બંધ રાખવામાં આવશે.

### ૨૪ કલાકમાં ૪૫,૮૯૧ નવા કેસ અને વધુ ૮૧૭ દર્દીઓના મોત થયા

## કોરોનાએ ફરી માથું ઉંચક્યું, બે મહિના બાદ રિકવર કેસ કરતા નવા કેસ વધ્યા

ન્યુ દિલ્હી,તા.૮

દેશમાં કોરોનાની બીજી લહેર નબળી પડ્યા બાદ છૂટછાટો મળવાની વધતા નવા કેસની સંખ્યા ઘટીને ૫૦ હજારની અંદર પહોંચ્યા બાદ ઉપર-નીચે થઈ રહી છે. ગઈકાલની સરખામણીમાં નવા કેસમાં વધારો થયો છે, ગઈકાલે ૨૪ કલાકમાં ૪૩,૭૩૩ નવા કેસ નોંધાયા હતા, જ્યારે આજે તેમાં વધારો થયો છે પરંતુ મૃત્યુઆંકમાં ઘટાડો નોંધાયો છે. સરકાર દ્વારા છૂટછાટો મળતા પ્રવાસન સ્થળો પર દેખાતી ભીડને લઈને ચિંતા વ્યક્ત કરી હતી, જે પ્રમાણે લોકો કોરોનાને ભૂલીને ફરી રહ્યા છે તે ભવિષ્યમાં ભરી જોખમી સાબિત થઈ શકે છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં પાછલા ૨૪ કલાકમાં કોરોનાના વધુ ૪૫,૮૯૨ કેસ નોંધાયા છે જેની સામે સાજા થનારા દર્દીઓની સંખ્યા ૪૪,૨૯૧ નોંધાઈ છે. દૈનિક કોરોનાથી થતા મૃત્યુનો આંક ૮૧૭ રહ્યો છે જે ગઈકાલની સરખામણીમાં ઓછો છે, ગઈકાલે એક દિવસમાં કોરોનાથી ૯૩૦ મોત નોંધાયા હતા. ભારતમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૩,૦૭,૦૯,૫૫૭ થઈ છે જ્યારે સાજા થનારા દર્દીઓની સંખ્યા ૨,૯૮,૪૩,૮૨૫ સાથે ૩ કરોડની નજીક પહોંચી ગઈ છે. દેશમાં કોરોનાના લીધે કુલ ૪,૦૫,૦૨૮ દર્દીઓના મોત થઈ ગયા છે. દેશમાં પાછલા લાંબા સમયથી કોરોનાના નવા કેસની સામે સાજા થનારા દર્દીઓનો આંકડો ઊંચ રહેવાથી એક્ટિવ કેસ ૪,૬૦,૭૦૪ થયો છે, જે ગઈકાલે ૪,૫૯,૯૨૦ હતો, જેમાં આજે વધારો થયો છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ભારતમાં કોરોનાના કુલ કેસની સામે એક્ટિવ કેસની ટકાવારી ૧.૫૦% થાય છે, સાજા થનારા દર્દીઓની ટકાવારી વધીને ૯૭.૧૮% થઈ છે. સાપ્તાહિક



પોઝિટિવિટી રેટ ૫%ની નીચે રહ્યો છે, જે હાલ ૨.૩૭% છે. દૈનિક પોઝિટિવિટી રેટ ૨.૪૨% સાથે પાછલા ૧૭ દિવસથી ૩% કરતા નીચો રહ્યો છે. ૧૬ જાન્યુઆરીએ ભારતમાં કોરોનાની રસીના અભિયાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો જેમાં અત્યાર સુધીમાં કુલ ૩૬,૪૮,૪૭,૫૪૯ ડોઝ આપવામાં આવ્યા છે. જેમાં ૩૩,૮૧,૬૭૧ ડોઝ પાછલા ૨૪ કલાકમાં આપવામાં આવ્યા છે.

આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ગઈકાલ સુધીમાં કુલ ૪૨,૫૨,૨૫,૮૯૭ સેમ્પલ લેવામાં આવ્યા છે. જ્યારે ૭ જુલાઈના રોજ વધુ ૧૮,૯૩,૮૦૦ સેમ્પલ લેવામાં આવ્યા છે. દેશમાં કોરોનાથી કુલ મૃત્યુ દર ૧.૨૩ ટકા છે જ્યારે રિકવરી રેટ અંદાજે ૯૬.૯૨ ટકા છે. એક્ટિવ કેસ ઘટીને ૩ ટકાથી ઓછો થયો છે.

### આતંકનો સફાયો: જમ્મુ-કાશ્મીરમાં ૨૪ કલાકમાં ૫ આતંકીઓ ઠાર

શ્રીનગર,તા.૮

કુલગામ ખાતે ૨ આતંકવાદીઓને ઠાર મારવાની સાથે જ છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૫ આતંકવાદીઓનો ખાત્મો કરવામાં આવ્યો છે. કાશ્મીરના આઈજીપી વિજય કુમારે જણાવ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં કાશ્મીરમાં ૫ આતંકવાદીઓને ઢેર કરવામાં આવ્યા છે. આ માટે તેમણે પોલીસ અને સુરક્ષા દળોને શુભેચ્છા પાઠવી હતી.

જાણવા મળ્યા મુજબ બુધવારે મોડી રાતે દક્ષિણી કાશ્મીરમાં અથડામણ શરૂ થઈ હતી અને ૨ આતંકવાદીઓ ઘેરાયા હોવાની સૂચના મળી હતી. સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો હતો. પુલવામા ખાતે આતંકવાદીઓ સંતાયા હોવાની સૂચના મળ્યા બાદ સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું.

### સીએનજીના ભાવમાં ૬૮ પૈસાનો વધારો કરાયો

## ખિસ્સા પર વધુ એક પ્રહાર, પેટ્રોલ-ડીઝલ બાદ CNGનાં ભાવમાં વધારો

ન્યુ દિલ્હી,તા.૮

પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં સતત વધારો થઈ રહ્યો છે. આજે ૮ જુલાઈ ગુરૂવારના રોજ ફરીથી પેટ્રોલ ૩૫ પૈસા મોંઘું થઈ ગયું છે. દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૧૦૦.૫૬ રૂપિયા પ્રતિ લીટર પર પહોંચી ગઈ છે. બીજી તરફ ડીઝલમાં ૯ પૈસાની વૃદ્ધિ થઈ છે. દિલ્હીમાં ડીઝલનો ભાવ ૮૯.૬૨ રૂપિયા પ્રતિ લીટર છે.

દેશમાં સતત પેટ્રોલ-ડીઝલની કિંમતો વધી રહી છે. સરકાર આંતરાષ્ટ્રીય ભાવો વધવાના કારણને આગળ ધરીને પોતાના હાથ ઉંચા કરી રહી છે. ઉલ્લેખનિય છે કે, આંતરાષ્ટ્રીય સ્તરે પેટ્રોલની કિંમતમાં ૧૫ ટકાનો વધારો થયો છે. જોકે, મોદી સરકાર પોતાના ટેક્સમાં ઘટાડો કરવા માટે તૈયાર નથી. શહેરના મોટા તમામ શહેરોમાં પેટ્રોલની કિંમત ૧૦૦ રૂપિયાને પાર થઈ ગઈ છે પરંતુ મોદી સરકાર ટેક્સ રૂપી મલાઈ ખાવામાં વ્યસ્ત છે.

જ્યારે પેટ્રોલ-ડીઝલની આંતરાષ્ટ્રીય સ્તરે કિંમતમાં ઘટાડો થાય છે તો મોદી સરકાર ટેક્સમાં વધારો કરી નાંખે છે. જોકે, જ્યારે પેટ્રોલ-ડીઝલના આંતરાષ્ટ્રીય સ્તરે ભાવ વધે છે ત્યારે મોદી સરકાર પોતાના ટેક્સમાં ઘટાડો કરતી નથી. વર્તમાનમાં સામાન્ય લોકોનું જીવન અસહ્ય બની રહ્યું છે.

આસમાને પહોંચી રહેલા પેટ્રોલ-ડીઝલના ભાવની વચ્ચે સીએનજીના ભાવમાં પણ વધારો થતાં સામાન્ય પ્રજાને પડતા પર પાટું છે. અમદાવાદમાં આજે સીએનજીના ભાવ ૬૮ પૈસા પ્રતિ કિલો વધી ગયા છે. તેની સાથે જ અમદાવાદીઓને મોટો ઝાટકો લાગ્યો છે. આ વધારા બાદ અમદાવાદમાં સીએનજીનો ભાવ પ્રતિ કિલોગ્રામ ૫૫.૩૦ પર પહોંચી ગયો છે.

વર્ષ ૨૦૨૧માં ૧ જાન્યુઆરીથી ૭ જુલાઇ સુધીમાં પેટ્રોલમાં રૂ.૧૬.૨૪ અને ડીઝલમાં રૂ.૧૫.૪૧નો ભાવવધારો થઇ ચૂક્યો છે. જુલાઇ મહિનામાં પેટ્રોલની કિંમતમાં ચાર વાર અને ડીઝલની કિંમતમાં બે વાર વધારો કરાયો છે.

## ભારત સરકારની ૨૦ સંપત્તિઓ ટાંચમાં લેવા ફ્રાંસની અદાલતે આદેશ આપ્યા

પેરિસ,તા.૮

બ્રિટનની કેયર્ન એનર્જીએ મધ્યસ્થતા આદેશ હેઠળ ૧.૭ અબજ અમેરિકન ડૉલરની નુકસાનની ભરપાઈ કરવા માટે ફ્રાન્સની એક કોર્ટથી ફ્રાન્સમાં સ્થિત ૨૦ ભારતીય સરકારી સંપત્તિઓને જપ્ત કરવાનો આદેશ પ્રાપ્ત કરી દીધો છે. ફ્રાન્સની કોર્ટે ૧૧ જૂને કેયર્ન એનર્જીને ભારત સરકારની સંપત્તિઓના અધિગ્રહણનો આદેશ આપ્યો હતો, જેમાં મોટાભાગના ફ્લેટ સામેલ છે. આ સમગ્ર મામલા પર હવે ભારત સરકાર તરફથી જવાબ સામે આવી રહ્યો છે. નાણા મંત્રાલય તરફથી જણાવવામાં આવ્યું છે કે ભારત સરકારને હજુ સુધી ફ્રાન્સની કોર્ટ તરફથી કોઈ પણ પ્રકારની નોટિસ નથી મળી.

નાણા મંત્રાલય મુજબ, એવા અહેવાલો મળ્યા છે કે કેયર્ન એનર્જીએ પેરિસમાં ભારત સરકારની સંપત્તિઓને જપ્ત કરવાનો આદેશ જાહેર કર્યો છે, પરંતુ હજુ સુધી ભારત સરકારને આ સંબંધમાં ફ્રાન્સની કોર્ટ તરફથી કોઈ જાણકારી કે નોટિસ નથી આપવામાં આવી. નાણા મંત્રાલય તરફથી કહેવામાં આવ્યું છે કે જો આવું થાય તો ભારત સરકાર ધ હેગમાં આંતરરાષ્ટ્રીય કોર્ટમાં પોતાનો પક્ષ રજૂ કરશે. નાણા મંત્રાલય તરફથી જણાવાયું છે કે કેયર્ન એનર્જીના સીઈઓ અને અન્ય પ્રતિનિધિઓએ આ મામલાનો કોઈ ઉકેલ શોધવા માટે ભારત સરકાર સાથે સંપર્ક તો કર્યો હતો. આ વિષય પર ચર્ચા પણ થઈ હતી. ચર્ચા દરમિયાન કહેવામાં આવ્યું હતું કે સરકાર દેશની કાયદાકિય મર્યાદાઓની અંદર રહીને આ મુદ્દાનું શાંતિપૂર્ણ સમાધાન શોધવા માટે તૈયાર છે.

કેયર્ન એનર્જી દ્વારા આ સંપત્તિઓમાં રહેનારા ભારતીય અધિકારીઓને હટાવવાની શક્યતા નથી, પરંતુ કોર્ટના આદેશ બાદ સરકાર તેને વેચી નહીં શકે. એક મધ્યસ્થતા કોર્ટે ડિસેમ્બરમાં ભારત સરકારને આદેશ આપવામાં આવ્યો હતો કે તેઓ કેયર્ન એનર્જીને ૧.૨ અબજ ડૉલરથી વધુનું વ્યાજ અને દંડ ચૂકવે. ભારત સરકારે આ આદેશને સ્વીકાર્યો નથી.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

કોરોના નવા કેસની સંખ્યા:૬૨

રાજ્યમાં કુલ કેસનો આંકડો

પહોંચ્યો : ૮૨૪૦૯૧

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

લોકોનાં મૃત્યુ: ૦

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા

દર્દીઓની સંખ્યા :૫૩૪

ગુજરાતમાં સાજા થયેલા કુલ

દર્દીઓની સંખ્યા : ૮૧૨૫૨૨

## આઠ રાજ્યોને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે કોવિડ નિયંત્રણો મજબૂત કરવા પત્ર લખ્યો

ન્યુ દિલ્હી,તા.૮

દેશમાં એક તરફ જ્યાં કોરોનાની બીજી લહેરની ઝડપ ઓછી થતી જોવા મળી રહી છે. તો કેટલાક રાજ્યોમાં કોરોનાના વધતા કેસોથી સરકારની ચિંતા પણ વધી છે. દેશના ૮ રાજ્યોમાં કોરોનાના કેસ વધી રહ્યા છે, જેને જોતા કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી આ તમામ રાજ્યોને પત્ર લખીને કોવિડ નિયંત્રણના ઉપાયોને મજબૂત કરવા કહેવામાં આવ્યું છે. આ રાજ્યોમાં તપાસ અને રસીકરણમાં ઝડપ લાવવા, સ્વાસ્થ્ય સંબંધિત પાયાના માળખાની યોજના બનાવવા અને વધતા કેસોને રોકવા માટે કોરોના ગાઈડલાઈનનું પાલન કરવા સંબધિત નિર્દેશ આપવામાં આવ્યા છે.વાસ્થ્ય મંત્રાલય તરફથી અરુણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, કેરળ, મેઘાલય, ઓરિસ્સા, ત્રિપુરા અને સિક્કમની રાજ્ય સરકારોને પત્ર લખીને અનેક પગલાઓ ઉઠાવવા માટે કહેવામાં આવ્યું છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ રાજેશ ભૂષણે કહ્યું કે, વાયરસના પ્રસારને રોકવા માટે સામૂહિક પ્રયત્નો મજબૂત કરવાની જરૂર છે. તેમણે કહ્યું કે, અરુણાચલ પ્રદેશમાં આ ચિંતાનો વિષય છે કે રાજયમાં અઠવાડિયાનો સંક્રમણ દર ૧૬.૨ ટકા (૨૮ જૂન-૪ જુલાઈ) છે, જે સતત ૪ અઠવાડિયાથી વધી રહ્યો છે.રાજેશ ભૂષણે કહ્યું કે, ૨૫ જિલ્લામાંથી ૧૯માં ૧૦ ટકાથી વધારે સંક્રમણ દર નોંધાઈ રહ્યો છે, જે મુશ્કેલીનું કારણ બની રહ્યું છે. રાજ્યમાં છેલ્લા ૪ અઠવાડિયામાં નોંધાયેલા કેસોની સંખ્યામાં લગભગ ૧૨ ટકાનો વધારો જોવા મળ્યો છે. ૧૨ જિલ્લામાં છેલ્લા ૪ અઠવાડિયામાં નવા કેસોની સંખ્યામાં વધારો થયો છે. આસામને લઈને તેમણે કહ્યું કે, નવા કેસોમાં ઘટાડો જોવા મળ્યો છે, પરંતુ ૩૩ જિલ્લામાંથી ૪માં છેલ્લા ૪ અઠવાડિયામાં આંકડાઓમાં વધારો જોવા મળ્યો છે અને ૪ જુલાઈના અઠવાડિયાના અંત સુધીમાં ૨૯ જિલ્લામાં ૧૦૦થી વધારે નવા કેસ આવ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

### ગ્લોબલ વોર્મિંગ ક્યા કારણોસર શક્તિશાળી બનતું જઈ રહ્યું છે.....?

વિશ્વની મહાસત્તાઓ અને વિકાસશીલ દેશોની વિકાસની આંધળી દોડમાં વિશ્વને કઈ હદે નુકસાન પહોંચાડશે તે કહી શકાય તેમ નથી.જે તે દેશોની વિકાસની આંધળી દોટ અને વિકાસ કાર્યોની સ્પર્ધામાં કુદરતી સંપદાઓનુ એટલું બધું હદ બહાર નિકંદન કાઢી નાખ્યું છે કે ગ્લોબલ વોર્મિંગ સસર્જાવાની શરૂઆત થઈ અને અત્યારે એ હદે શક્તિશાળી બની ગયું છે કે વિશ્વના દેશો અને તેની માનવજાતને વિવિધ રીતે ચેતવણીઓ આપવાનું શરૂ કરી દીધું છે કે જેથી માનવજાત સુધરે..... સમજી જાય અને કુદરતી સંપદા વધારવામાં જોતરાઈ જાય.... પરંતુ આ તો માનવજાત... સમજે તો ને.....! વિશ્વભરમા મોસમોમા મોટા ફેરફાર કરી નાખ્યા છે તે સાથે ગરમી એ હદે વધવા લાગી છે કે સમુદ્રના પાણી પણ ગરમ થવા લાગ્યા છે. અને આ કારણે વાવાઝોડા ત્રાટકવાની સંખ્યામાં વધારો થયો છે પરંતુ સમુદ્રના પાણી ગરમ થવાના કારણે વાવાઝોડા શક્તિશાળી બની જઈને ત્રાટકે છે જે વાવાઝોડા મોટા પ્રમાણમાં વિનાશક હોય છે અને ભરપૂર નુકસાન કરે છે. તો ગરમી પણ એ હદે વધી ગઈ છે કે બરફ આચ્છાદિત વિસ્તારોના બરફ ઓગળવા લાગ્યા છે અને તેના કારણે વિશ્વના અનેક દરિયાકાંઠાના વિસ્તારો સમુદ્રમાં ગરકાવ થવા લાગ્યા છે. વરસાદી મોસમ બદલાવા સાથે વરસાદ સમય ખેંચાવા લાગ્યો છે અને ગરમીના દિવસો વધવા લાગ્યા છે.. આ બધું છતાં વિશ્વના દેશો ગ્લોબલ વોર્મિંગ વધતું રોકવા માટે મીટીગો કરે છે... કાર્બન ઘટાડવાની વાતો કરે છે.... પરંતુ કુદરતી સંપદાઓનુ નિકંદન કાઢે છે તે અટકાવવાનું નામ લેતા નથી કે જળ અને વાયુ પ્રદૂષણ અટકાવવા કડક પગલા લેવાની વાત કરતા નથી. પરંતુ હવાઈ જહાજથી લઈને વિવિધ પ્રદુષણ ઓકતા વાહનો, વધારતા રહ્યા છે, જળ વાયુના ઝેરી પ્રદુષણ ઓકતા ઉદ્યોગો વધારતા રહે છે. પરિણામે ગ્લોબલ વોર્મિંગ ઘટવાને બદલે શક્તિશાળી બનતું વધી રહ્યું છે અને બનતું જઈ રહ્યું છે અને છેલ્લા ઘણા વર્ષોથી તેના દુષ્કર પરિણામો પણ આવી રહ્યા છે.... છતાંય......!

ભારતની વાત કરીએ તો ક્લાઇમેન્ટ ચેન્જના કારણે તાપમાનમાં વધારો થઈ રહ્યા છે. વર્ષાઋતુની પેટર્ન બદલાઇ રહી છે. દેશમાં ઉનાળો વીતી જવા છતાં આકાશમાંથી અગનવર્ષા થઇ રહી છે. ગરમીનો પારો ખૂબ ઊંચે પહોંચી રહ્યો છે. જ્યારે દેશના વિસ્તારોમાં હાલના સમયમાં વરસાદી માહોલ છવાઇ ગયેલો હોય છે. પરંતુ ભારતના લોકો આકરી ગરમીનો અનુભવ કરી રહ્યા છે અને વરસાદ દૂર જતો રહ્યો હોવાનો અનુભવ કરી રહ્યા છે તે સાથે લોકોના જીવન બેહાલ બની ગયા છે. ટૂંકમાં જો આ જ રીતે તાપમાન વધતુ રહ્યું તો આવનાર સમયમાં ઋતુકાળમાં ખતરનાક ફેરફારો આવી શકે છે. વરસાદનું પ્રમાણ અને પેટર્ન એવી બદલાઈ જશે કે અનેક વિસ્તારોમાં દુષ્કાળ પડી શકે તો અનેક વિસ્તારો અતિવૃષ્ટી થતાં ભારે તબાહ થઈ જશે, થ જમીનો ફળદ્રુપતા ગુમાવશે, કૃષિ ઉત્પાદનો ભયજનક રીતે ઘટી જશે.જેના કારણે કરોડો લોકો ભૂખમરામા સપડાઈ જશે. રૂતુકાળમા ફેરફારને કારણે લોકો સ્થળાંતર કરવા તરફ જશે જેના કારણે અસ્થિરતા ઊભી થશે તથા આંતરિક દુષ્કર સંઘર્ષ વધશે અને તેનું કારણ ગરમી વધવા સાથે લોકોની ગરમી સહન કરવાની ક્ષમતા પણ ઘટી જવા લાગી છે. ત્યારે આમ લોકોએ હવે કુદરતી સંપદાની સુરક્ષા કરવા સાથે વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર કરવા તરફ તથા વરસાદી વેડફાતા જળ જમીનમાં ઉતારવા તરફ વિશેષ દયાન આપવું પડશે.... અને ત્યારે પૃકૃતિ મૂળ સ્વરૂપે આવતા માનવ જીવન સુખ શાંતિ પામી શકશે.....!

## મોદી કેબિનેટ ભવિષ્યની લીડરશીપ તૈયાર કરી: ૧૪ મંત્રીઓ ૫૦ વર્ષથી ઓછી ઊંમરના

ન્યુ દિલ્હી,તા.૮

બુધવારે મોદી કેબિનેટનો વિસ્તાર કરવામાં આવ્યો હતો. કુલ ૪૩ મંત્રીઓએ શપથ લીધા. નવા પ્રધાનોમાં સૌથી વધુ ઉત્તર પ્રદેશના ૭ અને ત્યારબાદ ગુજરાત અને કર્ણાટકના ૫ પ્રધાનોનો સમાવેશ થાય છે. આ સિવાય મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળના ૪, બિહારના ૩ પ્રધાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે જ સમયે મધ્ય પ્રદેશ, આસામ અને ઓડિશાના ૨-૨ પ્રધાનો ટીમ મોદીનો ભાગ છે.

મોદી કેબિનેટમાં જાતિગત સમીકરણ બનાવવાના પણ પ્રયાસો કરવામાં આવ્યા છે, જેમાં પછાત જાતિ એટલે કે ઓબીસી નેતાઓની વિશેષ કાળજી લેવામાં આવી છે. ૧૫ રાજ્યોના ૨૭ ઓબીસી મંત્રીઓ છે. ૮ રાજ્યોના ૧૨ દલિત પ્રધાનો, ૮ રાજ્યોના ૮ આદિજાતિ પ્રધાનો, ૫ રાજ્યોના ૫ લઘુમતી પ્રધાનોને મંત્રીમંડળમાં સ્થાન આપવામાં આવ્યું છે.

વિસ્તરણ પહેલાં, મોદી કેબિનેટની સરેરાશ વય ૬૧ વર્ષ હતી, જે હવે ઘટીને ૫૮ થઈ ગઈ છે. ૧૪ પ્રધાનો ૫૦ વર્ષથી ઓછી ઉંમરના છે. તેમાંથી ૬ને કેબિનેટનો દરજ્જો આપવામાં આવ્યો છે. ૪૬ પ્રધાનો એવા છે જેમણે અગાઉ કેન્દ્રમાં મંત્રી પદની જવાબદારી સંભાળી છે. ૨૩ મંત્રી ઓછામાં ઓછા ત્રણ ટર્મ માટે સભ્ય રહીને ઓછામાં ઓછા ૧૦ વર્ષ સંસદીય કાર્યનો અનુભવ ધરાવે છે.

મોદી કેબિનેટ વિસ્તરણમાં જૂના ચહેરાઓને દૂર કરીને કેબિનેટમાં જે રીતે નવા અને યુવાન ચહેરાઓને સમાવવામાં આવ્યા છે, તે સ્પષ્ટ છે કે ભાજપ ભવિષ્ય માટે નેતૃત્વ તૈયાર કરી રહ્યું છે. મોદી સરકારમાં પહેલીવાર જીતીને આવેલા એક ડઝન યુવા નેતાઓને મંત્રીમંડળમાં સ્થાન આપવામાં આવ્યું છે. આગામી સમયમાં, આ નેતાઓ ચહેરો બનશે અને પાર્ટીને આગળ વધારવાનું કામ કરશે.

પશ્ચિમ બંગાળમાં ચાર ચહેરાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં બે મંત્રીઓ ૪૦ વર્ષથી ઓછી ઉંમરના છે જ્યારે એક મંત્રી ૪૫ વર્ષના છે. નીસિથ પ્રમાણિક બંગાળના સૌથી યુવા પ્રધાન છે અને તે માત્ર ૩૫ વર્ષના છે. તો બીજી તરફ બંગાળના શાંતનુ ઠાકુરની ઉંમર માત્ર ૩૮ વર્ષ છે. તમિલનાડુથી એલ મુર્ગનને જગ્યા આપવામાં આવી છે જેની ઉંમર ૪૪ વર્ષ છે.

# અમદાવાદ જિલ્લા પંચાયત દ્વારા મેલેરીયા વિરોધી જુન માસ અંતર્ગત મેલેરિયા અટકાયત કામગીરી કરવામાં આવી




**અમદાવાદ જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા મેલેરીયા વિરોધી જુન માસની ઉજવણીના ભાગ રૂપે મેલેરિયા અટકાયતની સઘાન કામગીરી હાથ ધરવામાં આવી હતી.**

મેલેરિયા એ મચ્છર દ્વારા થતો રોગ છે. એનોફિલીસ માદા મચ્છર દ્વારા આ રોગ થાય છે. એનોફિલીસ મચ્છરો માં વિશ્વમાં કુલ ૪૩૧ કરતાં વધારે પ્રકારના મચ્છરો જોવા મળે છે. જેમાંથી ૭૦ પ્રકાર મચ્છર મેલેરિયા રોગનો ફેલાવો કરે છે. ભારતમાં ૫૮ પ્રકાર મચ્છરો જોવા મળે છે. જેમાંથી ૧૦ પ્રકાર મચ્છરો મેલેરિયા રોગનો ફેલાવો કરે છે. ગુજરાતમાં ૨૩ પ્રકારના મચ્છરો જોવા મળે છે. જેમાંથી માત્ર ૩ જ પ્રકારના મચ્છર મેલેરિયાનો ફેલાવો કરે છે. જેમા (૧) એનોફિલીસ ક્યુલેસીફેસીસ (મુખ્યત્વે ગામડામા જોવા મળે છે આ મચ્છર) (૨) એનોફિલીસ સ્ટીફનસાઈ (મુખ્યત્વે શહેરનો મચ્છર) (૩) એનોફિલીસ ફ્લુવિયાટીલીસ (મુખ્યત્વે તે જંગલ વિસ્તારનો મચ્છર છે.)

મચ્છરો મુખ્યત્વે ચોખ્ખા અને બંધીયાર પાણીમાં ઈંડા મુકે છે. એનોફિલીસ માદા મચ્છર ઈંડા મુક્યા પછી તે ઈંડામાંથી લાર્વા (પોરા), પ્યુપા (કોસેટો) અને પછી પુખ્ત મચ્છર થાય છે. આ સમયગાળો ૮ થી ૯ દિવસનો રહે છે. મુખ્યત્વે તાપમાન તથા હવામાં ભેજના આધારે આ સમયગાળો રહેતો હોય છે. નર મચ્છરનું આયુષ્ય માત્ર ૭ દિવસ હોય છે અને તે માત્રને માત્ર ફ્રુટ જ્યુસ તથા પુષ્પ રસ લેતો હોય છે તે લોહી પીતો નથી.

જ્યારે માદા મચ્છરનો ખોરાક મુખ્યત્વે લોહી છે એટલે તે માણસ, પશુ, પક્ષીનું લોહી પીવે છે. માદા મચ્છર દર ૩ દિવસે ઈંડા મુકે છે. માદા મચ્છરનું આયુષ્ય ૩૦ દિવસ જેટલુ હોય છે. એટલે તેના જીવનકાળ દરમ્યાન ૧૦ થી ૧૨ વાર ઈંડા મુકે છે. એકવાર ઈંડા મુકે તેમાં ૧૫૦ થી ૨૦૦ ઈંડા હોય છે.

મેલેરિયા વિભાગ દ્વારા આરોગ્ય કર્મચારીઓ મારફતે દર અઠવાડીયે પાણી ભરવાના પાત્રોમાં અબેટ નામની દવા નાંખવામાં આવે છે. જેના કારણે લાર્વામાંથી પ્યુપા થતાં નથી અને મચ્છર ઉત્પતિ અટકાવી શકાય છે. નાના તળાવો તથા જળાશયોમાં કે જ્યાં બારમાસી પાણી રહેતું હોય છે અને ચોમાસા દરમ્યાન ૬ થી ૮ માસ સુધી જ્યાં પાણી રહેતું હોય ત્યાં પોરાભક્ષક માછલી (ગપ્પી, ગમ્બુશીયા) મુકવામાં આવે છે જે મચ્છરના પોરા ખાઈ જાય છે.

વધુમાં મેલેરિયાનું નિદાન ચિહ્નોને આધારે નહી પણ લોહીની તપાસ કરવાથી થઈ શકે છે. સાદા મેલેરિયા(પી.વાઈવેક્સ)ની સારવાર ૧૪ દિવસની છે જ્યારે પી.ફાલ્સીપેરમ(ઝેરી મેલેરિયા)ની સારવાર ૩ દિવસની હોય છે. સમયસરની સારવારથી મેલેરિયા મટી જાય છે. દરેક સરકારી દવાખાનામાં આની સારવાર મફતમાં કરવામાં આવે છે. જો તાવ આવે અને તાત્કાલીક સરકારી દવાખાનામાં સારવાર લેવામાં આવે તો બાટલા ચઢાવવાની પણ જરૂરીયાત રહેતી નથી. ગંભીર પ્રકારના કેસોમાં દર્દીને દાખલ કરવાની અને વધુ સારવારની જરૂરીયાત રહેતી હોય છે. સમયસરની સારવારથી મેલેરિયા મટી જાય છે.

સામાન્યરીત લોકોમાં એવું જોવા મળે છે કે ગંદકી અને ઉકરડામાં મચ્છરો થાય છે પરંતુ ખરેખર ઉકરડામાં મચ્છરો થતાં નથી ચોખ્ખા અને બંધીયાર પાણીમાં જ મચ્છર ઉત્પતિ થાય છે. જેમાં ઘરના અંદર ફ્રીજ, ટાંકા – ટાંકી, ખુલ્લા માટલા, બિનવપરાશી ટાયર, પ્લાસ્ટીકના ડબલા -

ડબલી, પક્ષીકુંજ, કુતરાની ચાટ, બિનવપરાશી મકાનના ધાબા જેવી ચીજવસ્તુઓમાં મચ્છર ઉત્પતિ થતી જોવા મળે છે. જે માટે પણ સરકાર દ્વારા લોકોમાં જનજાગૃતિ લાવવાના પ્રયત્નો પણ સતત હાથ ધરવામાં આવી રહ્યા છે.

જેમાં જિલ્લા વિકાસ અધિકારી અનિલભાઈ ધામેલીયા તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો શૈલેષ પરમારના માગર્દર્શન હેઠળ જિલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડ તથા તેમની ટીમ દ્વારા એડીએમો, ૪ મલ્ટી પર્પસ હેલ્થ વર્કર, ૨ મલ્ટી પર્પસ હેલ્થ સુપરવાઈઝર દ્વારા એચાઇ, બીઆઇ, સીઆઇ, પીઆઇ કાઢવામાં આવ્યા હતા. લોકોને આપવામાં આવેલ LLIN મચ્છરદાનીનો ઉપયોગ તેઓ કરે છે કે નહિ તેની ચકાસણી કરી યુઝર રેટ કાઢવામાં આવ્યો હતો.

અગાઉ કરવામાં આવેલ પોરાનાશકમાં દવાનો છંટકાવ યોગ્ય રીતે કરેલ છે કે નહિ? આરોગ્ય કર્મચારીઓ દ્વારા લેવામાં આવેલ લોહીના નમૂનાનું ક્રોસ ચેકીંગ તથા ગુણવત્તાની ચકાસણી કરવામાં આવી હતી. અને તળાવોમાં પોરાભક્ષક માછલીઓ મુકવામાં આવેલ અને મેલેરિયા વિરોધી જૂન માસમાં વાહકજન્ય રોગો અંગે જાગૃતિ કેળવવામાં આવે તે હેતુથી પેમ્ફલેટ, સ્ટીકર, ફોમસીટ, બુકલેટ વહેંચવામાં આવી હતી.

આ કામગીરી સતત જાન્યુઆરી માસથી ચાલતી હોઈ અત્યાર સુધી મેલેરિયાનો માત્ર ૧ પોઝિટિવ કેસ નોંધાયેલ છે. કોઇ પણ તાવ મેલેરીયા હોઇ શકે છે. તાવ આવે તો નજીકના સરકારી દવાખાના કે આરોગ્ય કર્મચારીનો સંપર્ક કરીને લોહીની તપાસ કરાવવી જોઇએ. તેમ જીલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડે જણાવ્યું હતું.

-મનીષા પ્રધાન

### હિંદુહિત માટે નિઃસ?વાર્થ ભાવથી લડનારા યોદ્ધાનું ગૌરવ !

## ધારાશાસ્ત્રી વીરેંદ્ર ઇચલકરંજીકરને 'સંવિધાન કે રક્ષક પુરસ્કાર પ્રાપ્ત થયો, તે માટે હિંદુ જનજાગૃતિ સમિતિ વતી હાર્દિક અભિનંદન !



રાષ્ટ્રરક્ષણ અને ધર્મરક્ષણ માટે ઉલ્લેખનીય કાર્ય કરનારા હિંદુ વિધિજ્ઞ પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ ધારાશાસ્ત્રી વીરેંદ્ર ઇચલકરંજીકરને 'સંવિધાન કે રક્ષક' આ પુરસ્કાર પ્રાપ?ત થયો, તે માટે હિંદુ જનજાગૃતિ સમિતિ વતી તેમનું હાર્દિક અભિનંદન કરી રહ્યા છીએ. આ પુરસ?કાર એટલે હિંદુહિત માટે નિઃસ્વાર્થ ભાવથી લડનારા યોદ્ધાનું ગૌરવ છે, એવું અમે માનીએ છીએ.

આજે રાષ્ટ્ર-ધર્મની સ્થિતિ ઘણી દયનીય છે. તેથી રાષ્ટ્ર-ધર્મ માટે નિરપેક્ષ રીતે કાર્ય કરનારાઓની આજે અત્યંત આવશ્યકતા છે. તાલાવેલીથી કાર્ય કરનારાઓનું આ રીતે ગૌરવ કરવાથી અન્ય ધારાશાસ્ત્રીઓને પણ આવું કાર્ય કરવાની સ્ફૂર્તિ થશે, એવો વિશ?વાસ અમને લાગે છે. દેવ-દેશ અને ધર્મ માટે લડનારાઓનું સન?માન થવું જોઈએ. એ માટે આગેવાની કરનારા હિંદુ ઈકોસિસ્ટમ, ભાજપ નેતા કપિલ મિશ્ર અને આ કાર્યક્રમ માટે અગત્યતાપૂર્વક ઉપસ્થિત રહેનારા કેંદ્રિય મંત્રી ગિરીરાજ સિંહનો પણ આભાર માનીએ છીએ, એવું હિંદુ જનજાગૃતિ સમિતિ વતી જણાવવામાં આવ્યું છે.

ધારાશાસ્ત્રી વીરેંદ્ર ઈચલકરંજીકરે કરેલું ઉલ?લેખનીય કાર્ય :

૧. ધારાશાસ્ત્રી ઈચલકરંજીકરે પ્રવિષ્ટ કરેલી જનહિત યાચિકાને કારણે પંઢરપૂર સ?થિત શ્રી વિઠ્ઠલ-રુકમિણી દેવસ?થાનને ૯૦૦ એકર ભૂમિ પાછી મળી છે.

૨. આ સાથે જ સરકારીકરણ થયેલા મુંબઈ સ્થિત શ્રી સિદ્ધિવિનાયક મંદિર, શિર્ડી સ્થિત શ્રી સાઈબાબા સંસ્થા, પશ્ચિમ મહારાષ્ટ્ર દેવસ્થાન વ્યવસ?થાપન સમિતિ અંતર્ગત આવનારા ૩૦૬૭ મંદિરોના ગોટાળા ઉજાગર કર્યા છે.

૩. જૂઠ્ઠાં આરોપો હેઠળ સંડોવાયેલા અનેક હિંદુત્વનિષ્ઠ કાર્યકર્તાઓના ખટલાઓ વિનામૂલ્ય લડી રહ્યા છે.

૪. અવૈધ (ગેરકાયદેસર) પશુવધગૃહો, રાષ્ટ્રધ્વજનું અપમાન, અશાસ્ત્રીય કાગળના માવાની ગણેશ મૂર્તિ ઇત્યાદિ અનેક વિષયોમાં પણ તેમણે યશસ?વી લડાઈ લડી છે.

## GIDCએ રેવન્યૂ ચાર્જની ચૂકવણીની સમય-મર્યાદા વધારી

અમદાવાદ, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના તમામ ફાળવણીદારો(ઔદ્યોગિક પ્લોટ, વાણિજ્ય પ્લોટ, રહેણાંક મકાન માલિકી)ને જણાવવામાં આવે છે કે, નિગમ દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ના રેવન્યૂ ચાર્જ નક્કી કરવામાં આવ્યા છે. અને તેની વ્યાજ વગર ફાળવણીદારો દ્વારા ચૂકવણી કરવાની સમયમર્યાદા તારીખ ૩૦-૦૬-૨૦૨૧ થી વધારીને ૩૧-૦૭-૨૦૨૧ કરવામાં આવી છે.

૨૦૨૧-૨૨ના રેવન્યૂ ચાર્જિસના તા- ૩૧-૦૭-૨૦૨૧ બાદ વિલંબિત ચૂકવણા પર પ્રતિ માસ ૧ ટકા લેખ વ્યાજ વસૂલ કરવા પાત્ર રહેશે, એમ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની યાદીમાં જણાવાયું છે.

આ યાદી મુજબ તમામ ફાળવણીદારોને જાણ કરવામાં આવે છે કે જો તેમને પ્જી નંબર લાગુ પડતો હોય અને અપટેડ ના કરેલ હોય તો પહેલા નિગમની વેબસાઈટ h t t p : / / gidc.gujarat.gov.in ...h GST registration/ Generate Property Identification Number(PIN) પર અપડેટ કરવાનો રહેશે.

ત્યારબાદ ઉપરોક્ત વેબસાઈટ પર જો આપનું લોગ ઈન અને પાસવર્ડ હોય તો તેના લોગ ઈનથી નિગમના લેણાં ચૂકવવાના રહેશે. જો તમારું લોગ ઈન ના હોય તો registration (New User) અથવા Online Payment of dues માંથી કોઈ પણ લીકનો ઉપયોગ કરીને લોગ ઈન બનાવીને ચૂકવણું કરવાનું રહેશે.

### કચ્છની ધરતી પર મા નર્મદાના નીર પહોંચાડાશેઃ મુખ્યમંત્રી રૂપાણી

ગાંધીનગર,તા.૮

સૌની યોજના હેઠળ હવે કચ્છને નર્મદાનું પાણી મળતું થશે જેને લઈ આજે સ્વર્ણિમ સંકુલ ૧ ખાતે કચ્છના માલધારી અને ખેડૂતોએ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું અભિવાદન કર્યું હતું આ પ્રસંગે મુખ્યમંત્રી કહ્યું કે કચ્છની ધરતી પર મા નર્મદાની નીર પહોંચાડાશે અને સૌની યોજના હેઠળ કચ્છને લીલુછમ બનાવાશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું કે કચ્છમાં હવે પાણીની સમસ્યા ઉભી થશે નહીં કચ્છમાં પાણી મળી રહે તે માટે સરકાર કટીબદ્ધ છે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વધુમાં કહ્યું કે કચ્છને લીલુછમ બનાવવાનો સંકલ્પ કર્યો છે કચ્છમાં નર્મદા પાણી માટે ૩૫૦૦ કરોડની યોજનાને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.મહત્વનું છે કે હવે ૨૦૨૨માં વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે ૨૦૨૨ની શરૂઆતમાં કચ્છને દરરોજ ૧૦ કરોડ લીટર પાણી આપવાનું લક્ષ્ય છે.

## ધો.૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે મોટા સમાચાર: ગુણભારની પદ્ધતિમાં ફેરફાર કરાશે

અમદાવાદ,તા.૮

કોરોનાના વધતા જતા સંક્રમણ અને કોરોનાની બીજી લહેરને ધ્યાનમાં લઈ સીબીએસઈ સહિતના નેશનલ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓની પરીક્ષા રદ્દ કરીને માસ પ્રમોશન કમ માસ પ્રોગ્રેશનનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે મોટા સમાચાર આવ્યા છે. માસ પ્રમોશન બાદ એન્જીનીયરીંગ અને ફાર્મસીમાં પ્રવેશ માટે ગુણભારની પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવશે. ગુજકેટ અને ધોરણ ૧૨ના ગુણની ટકાવારીમાં ફેરફાર કરી મેરીટ લિસ્ટ બનાવી અપાશે.

આ વર્ષે પ્રવેશ માટે ગુજકેટના ૫૦ ટકા અને ધોરણ ૧૨ ના પરિણામના ૫૦ ટકા ગુણભારના માધ્યમથી મેરીટ લિસ્ટ તૈયાર કરવામાં આવશે. અત્યાર સુધી એન્જીનીયરીંગ અને ફાર્મસીમાં પ્રવેશ માટે ગુજકેટના ૬૦ ટકા અને ધોરણ ૧૨ પરિણામના ૪૦ ટકા ગુણભાર મુજબ મેરીટ લિસ્ટ તૈયાર કરી પ્રવેશ આપવામાં આવતો હતો.

કોરોના મહામારીમાં અપાયેલા માસ પ્રમોશનને કારણે આ વખતે મેરીટ લિસ્ટ બનાવવાની પદ્ધતિમાં ફેરફાર થશે. ગુજકેટ અને ધોરણ ૧૨ના પરિણામના ૬૦ - ૪૦ ટકા ના બદલે આ વખતે ૫૦ - ૫૦ ટકા મુજબ પર પ્રવેશ પદ્ધતિ અપનાવવામાં આવશે. આ અંગે ટૂંક સમયમાં શિક્ષણ વિભાગ દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. તો બીજી તરફ ધોરણ ૧૨ સાયન્સના બી ગ્રુપના એટલે કે બાયોલોજી સાથે ધોરણ ૧૨ પાસ થનાર વિદ્યાર્થીઓને એન્જીનીયરીંગના ૧૫ વિષયોમાં અભ્યાસ માટે પ્રવેશ આપવામાં આવશે. બાયો ટેકનોલોજી, ફૂડ ટેકનોલોજી, એગ્રીકલચર ટેકનોલોજી જેવા ૧૫ એન્જીનીયરીંગના વિષયોમાં અભ્યાસ માટે તક આપવામાં આવશે.

આ વર્ષથી જ ૧૫ જેટલા જુદા જુદા એન્જીનીયરીંગના કોર્ષમાં બી ગ્રૂપ સાથે ધોરણ ૧૨ પાસ થનાર વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવશે. બાયોલોજી સાથે ધોરણ ૧૨ સાયન્સ પાસ કરી એન્જીનીયરીંગનો કોર્ષ કરનાર વિદ્યાર્થીઓને ગણિત વિષયનો અભ્યાસ કરવાનો રહેશે. આવતા વર્ષથી બાયોલોજીના વિદ્યાર્થીઓને એન્જીનીયરીંગના તમામ વિષયોમાં અભ્યાસ કરવાની તક આપવામાં આવે તેવી કરાઈ ગોઠવણ રહી છે. ગણિત વિષયનો નિશ્ચિત અભ્યાસ કરી બાયોલોજીના વિદ્યાર્થીઓ એન્જીનીયરીંગના કોર્ષમાં અભ્યાસ લઈ શકશે. જો કે આ અંગે આવતા વર્ષના સત્રથી વ્યવસ્થા કરાશે. ટૂંક સમયમાં શિક્ષણ વિભાગ સત્તાવાર જાહેરાત કરી તમામ ૧૫ વિષયોની જાણકારી આપશે.

### બુટલેગરો બેફામ

## અંત્રોલી ગામે લિસ્ટેડ બુટલેગરે જેલમાંથી છૂટી ગાડીના કાફલા સાથે ગામમાં પ્રવેશ કર્યા

સુરત,તા.૮

સુરત શહેર અને જિલ્લામાં બુટલેગરો બેફામ બની રહ્યા હોવાનો વીડિયો વાઈરલ થઈ રહ્યો છે. સુરત જિલ્લાના પલસાણા તાલુકાના અંત્રોલી ગામે લિસ્ટેડ બૂટલેગર ઈશ્વર વાસફોડિયા જામીન મળતાં જેલમાંથી છૂટીને ગાડીના કાફલા સાથે ગામમાં પ્રવેશ્યો હતો. ×ભલ ભલાના અમે પો 'ની માપિયાં' ગીત પર વાહનોના કાફલા સાથે ગામમાં પ્રવેશી રૌફ ઉભો કર્યો હતો.બૂટલેગરો એટલા બેફામ બન્યા છે કે, જેલમાં જઈ આવ્યા બાદ પણ કોઈ પણ જાતની શરમ અનુભવતા ન હોય અને ફરીથી પોતાનો દબદબો જે તે વિસ્તારમાં બની રહે તેવો પ્રયાસ કરી રહ્યા છે.

પલસાણા તાલુકાના વાંકાનેડા ગામના ઉપસરપંચને રિવોલ્વર બતાવીને ધમકાવ્યો હતો. જેને પગલે ઈશ્વર વાસફોડિયાને સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યો હતો. આજે તે જેલમાંથી જામીન પર છુટ્ટો થઈ પોતાના ગામ અંત્રોલીના ભૂરી ફળિયામાં વાહનોના કાફલા સાથે પ્રવેશ્યો હતો. જેગુઆર ગાડીમાં ફિલ્મી ઢબે તે પોતાના ગામમાં પ્રવેશ્યો હતો. ફિલ્મી ગીતોની સાથે જાણે પોતે ખૂબ મોટું પરાક્રમ કર્યું હોય તે રીતે પોતાના ગામમાં ગાડીઓના કાફલા સાથે પ્રવેશ્યો હતો.

ગુજરાતમાં અસામાજિક અને લુખ્ખા તત્વોને કાયદાનો ડર ન હોય તે રીતનો માહોલ જોવા મળી રહ્યો છે. છેલ્લા ઘણા સમયથી સુરત શહેર અને જિલ્લામાં બૂટલેગરો બેફામ થયા છે જાહેર સ્થળ ઉપર પોતાના જન્મદિવસની ઉજવણી ટોળા એકત્રિત કરીને કરવામાં આવ્યું હોય અથવા તો જાહેરમાં કે કાપતાં અનેક વીડિયો વાઈરલ થયા છે. કાયદાકીય છટકબારી હોવા ને કારણે આવા તત્વો વારંવાર કાયદાના ઉલ્લંઘન કરતા હોય છે. સ્થાનિક લોકોમાં પોતાનો ડર બની રહે તે માટે પણ આ બુટલેગરો બેફામ રીતે ધાક ધમકી આપતા હોય છે.

## મોટી ઉમ્રના બાળકોમાં વૈશ્વિક સ્તરે અત્યારસુધીમાં ફક્ત ૨૩ કેસ નોંધાયા છે : ડો.રાકેશ

# બાળકોમાં જૂજ જોવા મળતી સર્જરી સફળતાપૂર્વક પાર પાડતા સિવિલ હોસ્પિટલ બાળ સર્જરી વિભાગના તબીબો

### H-વેરાઇટી ઓફ ટિયોફિશ્યુલા(H-TOF) એટલે કે બાળકની અન્નળી અને શ્વાસનળી જોડાયેલી હોય તેવી સર્જરીનો પ્રથમ કિસ્સો



સિવિલના બાળ રોગ સર્જરી વિભાગે ૮૦ હજારથી ૧ લાખ બાળકોમાં ભાગ્યે જોવા મળતો કિસ્સો જેમાં બાળકની અન્નનળી તો બનેલી હોય છે પરંતુ તેનો એક હિસ્સો શ્વાસનળી સાથે જોડાયેલો હોય છે આવી પડકારજનક સર્જરી કરીને વધુ એક સિદ્ધિ મેળવી છે.

સિવિલના બાળ રોગ સર્જરી વિભાગમાં ૨૭મી મે ૨૦૨૧ના રોજ અમદાવાદના શ્રમિક દંપતિ શ્રી સંજય અને શ્રીમતી હર્ષ નડિયાનું ચોથું સંતાન ૧૧ વર્ષીય પલક નાડિયાને ન્યુમોનિયા તેમજ ઉધરસ અને શ્વાસ લેવામાં તકલીફની ફરિયાદ સાથે દાખલ કરાઇ હતી.

આ અંગે વિગતો આપતા બાળરોગ સર્જરી વિભાગના વડા ડૉ. રાકેશ જોષી એ જણાવ્યુ કે, ૧૧ વર્ષની પલકને અત્યાર સુધી ઘણી બધી વખત ન્યુમોનિયા સાથે બાળ રોગ વિભાગ તેમજ અન્ય હોસ્પિટલમાં દાખલ થઇ છે. પણ આ વખતે પલકનો કેસ અમને થોડો ડિફિકલ્ટ લાગ્યો હતો. પ્રારંભિક તપાસ અને કોવિડ-૧૯ RTPCR રિપોર્ટ નેગેટિવ આવ્યા બાદ પલકનું CECT થોરેક્સ કરવામાં આવ્યું હતું.

ડોક્ટરે જણાવ્યું કે, શરૂઆતમાં પલકના ન્યુમોનિયાને અમે સ્ટેબેલાઇઝ કર્યું. ત્યારબાદ સિટી સ્કેન કર્યા બાદ રેડિયોલોજી ડિપાર્ટમેન્ટના આસિસ્ટન્ટ પ્રોફેસર અભિલાષા.એસ.જૈનને એવું લાગ્યું કે કદાચ આ બાળકીને એચ.વેરાઇટી ઓફ ટીયો ફિશિયોલા હોઇ શકે છે.

આ તારણ અમને જાણવા મળતા તાત્કાલિક જ આ બાળકને પીડિયાટ્રીક સર્જરીમાં લઇ જવામાં આવ્યું. જ્યાં આ બાળકીને સ્વાસ્થ નળીની અંદર દૂરબીન નાખીને જોયુ તો અમને પણ નવાઇ લાગી કે ૧૧ વર્ષની બાળકીને સ્વાસ્થ નળી અને અન્ન નળી સાથેનું કનેક્શન દેખાયું. જેને મેડિકલ લેંગવેન્જમાં "એચ વેરાઇટી ઓફ ટિયોફિશ્યુલા(H-TOF) (અન્નળી –શ્વાસનળી જોડાયેલી હોય)" કહેવામાં આવે છે.

આ નિદાન થયું એટલે અમે તાત્કાલિક ઓપરેશન કરવાનું નક્કી થયું. બાળકને સ્ટેબેલાઇઝ કર્યા બાદ પડકારજનક સર્જરી કરવામાં આવી જેમાં અમને સફળતા પણ મળી. જેમાં એનેસ્થેશિયા વિભાગના મદદનીશ પ્રાધ્યાપક ડૉ. કિરણ પટેલ અને તેમની ટીમ દ્વારા આ જોખમી સર્જરીનું બિંદુ ઉપાડવામા આવ્યું.

આ અંગે વધુ વિગતો આપતા ડોક્ટરે કહ્યું કે, આવા કિસ્સામાં અન્નનળી તો બનેલી હોય છે પરંતુ તેનો એક હિસ્સો સ્વાસ્થ નળી સાથે જોડાયેલો હોય. આ એક રેર વેરાયટી છે અને ૮૦ હજારથી ૧ લાખ બાળકોમાં આવો કોઇક કિસ્સો જોવા મળતો હોય છે.

આવા કિસ્સામાં બાળક તાજા જન્મેલા હોય કે પછી પ્રથમ વર્ષની અંદર જ આ ડાયગ્નોસીસની જાણ થઇ જતી હોય છે. ક્લાસિકલ સિમટમ્સની વાત કરવામાં આવે તો બાળકને જ્યારે ધાવણ કે ખોરાક આપવામાં આવે ત્યારે તેને ખાસી-ઉધરસ થાય, ચોકિંગ થાય કે પછી ઘણીવાર બાળક ભૂરૂ પણ પડી શકે છે. પલકના કિસ્સામાં આવી કોઇ તકલીફ નહોતી એટલે શરૂઆતના દિવસોમાં આ બીમારી ડિટેક્ટ ન થઇ શકી. પણ પલકને વારંવાર ન્યુમોનિયા સાથે ઘણી વખત હોસ્પિટલાઇઝ થવું પડ્યું છે. ન્યુમોનિયાના સાથે પલકને ઘણી બધી અન્ય તકલીફ પણ છે જેમ કે હદયની તકલીફ, એક કાન બન્યો નથી, ઓછું સંભળાય છે, ફેશિયલ પાલ્સી છે તેમજ સ્પાઇનની પણ સમસ્યા છે. પલકને વેક્ટરલ એસોસેશન એટલે ટિયો ફિશિયોલા સાથે અન્ય એસોસેશન પણ છે જેના લીધે પલકનું વેઇટ, હાઇટ અને ગ્રોથ અને મેન્ટલ ડેવલોપમેન્ટ પર પણ અસર થઇ છે. એમાય વારંવાર હોસ્પિટલાઇઝ થવાથી પણ તેના ગ્રોથમાં ફરક પડ્યો છે. સિવિલ હોસ્પિટલ સુપ્રીન્ટટેન્ડટ ડૉ. જે.વી. મોદી કહે છે કે, સિવિલ હોસ્પિટલ ટર્સરી કેર સેન્ટર તરીકે પણ કાર્ય કરે છે. રાજ્ય અને દેશની અન્ય હોસ્પિટલમાં નિરાશ થયેલ દર્દીઓ પણ છેલ્લે સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવે છે. અહીં આવતા દર્દીઓ સકારાત્મક પરિણામ લઇને જાય છે જેનું આ સર્જરી ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડે છે. સિવિલ હોસ્પિટલના તબીબોની દર્દીના જીવ બચાવવા પ્રત્યેની કટિબધ્ધતાના કારણે જ જુજ જોવા મળતી સર્જરી પણ સફળતાપૂર્વક પાર પડતી જોવા મળી છે.

અમિતસિંહ ચૌહાણ

# અમદાવાદ જિલ્લામાં જુન માસ દરમ્યાન વાહકજન્ય રોગ અટકાયત માટે ઘનિષ્ઠ પગલા હાથ ધરવામાં આવ્યા

અમદાવાદ જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલભાઇ ધામેલીયા તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો શૈલેષભાઇ પરમારના માગર્દર્શન હેઠળ જિલ્લા મેલેરીયા અધિકારી શ્રી નરેન્દ્રસિંહ રાઠોડ તથા તેમની ટીમ દ્વારા મેલેરીયા વિરોધી જુન માસની ઉજવણીના ભાગ રૂપે કરવામાં આવેલ સઘન કામગીરી હાથ ધરાઇ હતી. જેમાં અમદાવાદ જિલ્લાના તમામ એસ.ટી.ડેપો ની મુલાકાત લઈને ડેપો મેનેજર સાથે ચર્ચા કરી વાહકજન્ય રોગો અને મચ્છરના બ્રીડીગ વિશે માહિતગાર કર્યા. અને વાહનોના તમામ ટાયરોમાં મચ્છનર ઉત્પાત્તિ નિ થાય તેવી રીતે મુકવામાં આવ્યા છે કે નહી? તેની ચકાસણી કરવામાં આવી. અને ટીમ દ્વારા દર સપ્તાહે આ રીતે ચકાસણી હાથ ધરવામાં આવશે.

જિલ્લાના તમામ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મલ્ટી પર્પસ હેલ્થ સુપરવાઇઝર દ્વારા તેઓના વિસ્તારમાં આવેલ ટાયર, ભંગારની દુકાનોની મુલાકાત લેવામાં આવી હતી. અને જરૂર જણાઇ ત્યા ઇન્ટીમેશન સાથે ૩૬૨ લોકોને નોટીસ આપવામાં આવી હાતી. વધુમાં, ટાયરોને શેડની નીચે મુકવાની તથા પ્લાસ્ટીકથી ઢાંકી દેવાની સુચના આપવામાં આવી. અને ૧૫ દિવસ પછી પુનઃ ટાયર, ભંગારની દુકાનોની મુલાકાત લઇ ઉકત કામગીરી કરવામાં આવી છે કે નહી તેની ચકાસણી કરવામાં આવી અને જિલ્લાની ટીમ દ્વારા તેનું ક્રોસ વેરીફિકેશન પણ કરવામાં આવ્યુ હતું.

અમદાવાદ જિલ્લા પંચાયતના મેલેરીયા શાખાના કર્મચારીઓ દ્વારા તમામ તાલુકાઓમાં દર સોમવારે જઈને ફિલ્ડ કામગીરીમાં એ ન . વી . બી . ડી . સી . પી . કામગીરીનું અઠવાડિયાનું પ્લાનીગ કરીને તાલુકામાં સર્વેલન્સ, પોરાનાશક કામગીરી, RT ક્રોસ ચેક, LLIN, IEC એકટીવીટી જેવી કે ગ્રામજનોને પોરા નિદર્શન જેવી કામગીરીનુ દિશા-નિર્દેશન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત જિલ્લાની ૭૭ જેટલી ખાનગી હોસ્પિટલની પણ મુલાકાત કરવામાં આવી હતી. જેમાં ડ્રગ પોલીસીની નકલ અને મેલેરીયા, ડેન્ગ્યુ નોટીફિકેશનની નકલ આપવામાં આવી તથા તમામ ખાનગી અને સરકારી હોસ્પિટલ, સંસ્થાની મુલાકાત કરી મચ્છર ઉત્પત્તિ સ્થાનોની અઠવાડિક ધોરણે ચકાસણી કરવામાં આવી.

અમદાવાદ જિલ્લાની તમામ સરકારી બિલ્ડીગોની ચકાસણી હાથ ધરવામાં આવી અને કચેરીના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તે જોવા ખાસ જણાવ્યું. તથા ચોમાસા પહેલા કચેરીનું ધાબું ઝાડના પાંદડાના કારણે ચોકઅપ થઇ ગયું હોય તો ધાબુ સાફ કરવા જણાવ્યું. અને ધાબા પર જવાની કોઇ વ્યપવસ્થાશ ન હોય તો તેની વૈકલ્પિક સીડીની વ્યયવસ્થા કરી ધાબુ સાફ કરાવવાની તાકિદ કરવામાં આવી. ૭ જેટલા તાલુકામાં કાયમી પાણીના સ્ત્રોત અને સ્ટોક હેચરીમાં પોરાભક્ષક માછલીઓ મુકવામાં આવી છે.

આરોગ્ય ટીમ દ્વારા એન્ટોમોલોજીકલ કામગીરી પણ કરવામાં આવી. પોરાનાશક કામગીરી અને રોગ અટકાયત પગલા હાથ ધરી HI, BI, CI, PI પણ કાઢવામાં આવ્યુ હતુ. ચાલુ વર્ષ દરમયાન માત્ર એક જ મેલેરીયાનો કેસ આવ્યો હતો. જેના ઘેર ૦,૩,૭,૧૪, દિવસ મુજબ ફોગીગ કામગીરી અને ૦,૩,૭,૧૪,૨૧ અને ૨૮ મા દિવસ મુજબ પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. તેમજ સદરહું પોઝીટીવ દર્દીની પ્રાથમિક આરોગ્ય કેંદ્ર અને તાલુકા અને જિલ્લા કક્ષાની ટીમ દ્વારા પણ આર.ટી. ક્રોસ વેરીફિકેશન કરવામાં આવ્યું હતુ.

અત્રે ઉલ્લેખનીય છે કે ઉપરોકત તમામ કામગીરીનું અમદાવાદ જિલ્લા કક્ષાએથી પણ ક્રોસ સુપરવિઝન કરવામાં આવ્યું હતું.

-મનીષા પ્રધાન

# જીટીયુ-જીએસપી સંયુક્ત ઉપક્રમે ૩ દિવસીય એનાલિટીકલ ઈન્સ્ટ્રુમેન્ટ ટ્રેનિંગ યોજાઈ

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) સંચાલિત ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ ફાર્મસી (જીએસપી) દ્વારા દવાઓના પરીક્ષણ સંબધીત અનેક પ્રકારના રિસર્ચ કાર્યો કરવામાં આવે છે. આ પ્રકારના અદ્યતન મશીનનો ઉપયોગ કરતાં વિદ્યાર્થીઓ પણ શીખે તે હેતુસર તાજેતરમાં જીટીયુ-જીએસપી સંયુક્ત ઉપક્રમે ૩ દિવસીય એનાલિટીકલ ઈન્સ્ટ્રુમેન્ટ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંદર્ભે જીટીયુના કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠે કહ્યું કે , ફાર્મસી સંબધીત વિવિધ રીસર્ચ અને અભ્યાસલક્ષી જ્ઞાનમાં વધારો કરવા માટે આ પ્રકારના ટ્રેનિંગ પ્રોગ્રામ લાભદાયી થશે. જેનાથી ભવિષ્યમાં ઈન્ડસ્ટ્રીઝની માંગ આધારીત રોજગારની તકો વધશે.

આ ટ્રેનિંગ પ્રોગ્રામ માટે ૨૦૦ થી વધુ અરજીઓ આવી હતી. જેમાંથી પૃથ્થકરણ કરીને ૨૬ વિદ્યાર્થીઓની પ્રથમ તબક્કાની ટ્રેનિંગ માટે પસંદગી કરવામાં આવી હતી.આ ટ્રેનિંગમાં વિવિધ દવાઓ અને ખાદ્યપદાર્થો પર કરવામાં આવતાં ક્વાલિટી ટેસ્ટીંગ અને રિસર્ચ બાબતેના પરીક્ષણમાં વપરાતાં વિવિધ અદ્યતન મશીનનો ઉપયોગ કેવી રીતે કરવો જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

હાઈ પ્રેશર લિક્વિડ ક્રોમોટોગ્રાફી (HPCL),હાય પર્ફોર્મન્સ થીમ લેયર ક્રોમોટોગ્રાફી (HPTLC) , લિક્વિડ ક્રોમોટોગ્રાફી માસ સ્પેક્ટોમેટ્રી (LCMS) , અલ્ટ્રાવોયોલેટ એક્સપ્રિમેન્ટ (ફઈ) જેવા અદ્યતન ફાર્મા મશીનોના વપરાશથી લઈને કયા-કયા પરિક્ષણ માટે તેનો ઉપયોગ કેવી રીતે કરવો જેવી તમામ બાબતોનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ટ્રેનિંગમાં વિદ્યાર્થીઓ , પીએચડી સ્કૉલર્સ તેમજ ફેક્લ્ટીઝ પણ જોડાયા હતાં. ટૂક સમયમાં જ બિજા અને ત્રીજા તબક્કાની ટ્રેનિંગનું આયોજન કરીને અન્ય વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવશે. ......

-અમિતસિંહ ચૌહાણ

# વીરપ્રતાપ ફાઉન્ડેશન અરવલ્લીના ટીંટોઈ ગામની દીકરીને વ્હારે આવ્યું



છેલ્લા ગણા સમયથી સાબરકાંઠા સ્થિત વીરપ્રતાપ ફાઉન્ડેશન સેવાના કાર્યમા પહેલી હરોળમા રહ્યું છે લોકડાઉન હોય, વિધવા સહાય હોય, ગરીબ વિદ્યાર્થીઓ ની મદદ કે પછી જરૂરમંદ લોકોની મદદ વીરપ્રતાપ ફાઉન્ડેશન હંમેશા અગ્રેસર રહ્યું છે ધૈર્યરાજ મિશન, નીલમણિ મિશન બાદ હવેઆ ફાઉન્ડેશન અરવલ્લી જિલ્લામા આવેલ ટીંટોઈ ગામના ગરીબ પરિવારની ચાર વર્ષની માસુમ દીકરીને જી બી એસ (ગુલિયન બેરે સિમ્ડ્રોમ ) નામની ગંભીર બીમારીથી પીડાઈ રહીછે જયારેઆ ઘટના બાબતે વીરપ્રતાપ ફાઉન્ડેશન ને જાણ થતાની સાથેજ હકીકતની ખરાઈ કરી હિંમતનગર ની પ્રાઈવેટ હોસ્પિટલ ની રૂબરૂ મુલાકાત કરી હતી એને પીડિત દીકરીના પિતા ખાનગી કંપનીમા નોકરી કરતા હતા પરંતુ લોકડાઉનના કારણે છેલ્લા ચાર મહિનાથી બેરોજગાર હતા અને આર્થીક પરિસ્થિતિ સારી ના હોવાના કારણે આ પરિવાર ચિંતાતુર બન્યો હતો ત્યારે વીરપ્રતાપ ફાઉન્ડેશન દ્વારા હોસ્પિટલ મા આઈસીયુ તથા ડોકટર ની ફી માટે મદદ કરવામાં આવી હતી, દીકરી ના ઈલાજ અર્થે અંદાજે ૧,૩૦,૦૦૦/- ની જરૂર હતી મિત્રવર્તુળ અને દાતાશ્રીઓ દ્વારા ઈન્જેકશન અને અન્ય ટ્રીટમેન્ટ સહિતનુ કુલ રૂ. ૮૨,૦૦૦ નુ બિલ હોસ્પિટલમા ભરપાઈ કર્યું હતુ હાલ દીકરી હોસ્પિટલમા સારવાર લઈ રહી છે ત્યારે ડોક્ટરના જણાવ્યા અનુસાર હજુ પણ એક અઠવાડિયા જેવો સમય સારવાર દરમિયાન થઈ શકે છે જેનો ખર્ચ અંદાજે રૂ. ૫૦૦૦૦ છે જયારે વીરપ્રતાપ ફાઉન્ડેશન દ્વારા આ મુહિમ ઉપાડી આ માસૂમ દીકરી નો જીવ બચાવવા લોકફાળો એકઠો કરવા લોકોને અપીલ કરી છે એસ.એમ.એ નામની ગંભીર બીમારીથી પીડાતી આ દીકરીના પરિવારે વીરપ્રતાપ ફાઉન્ડેશન સાબરકાંઠા નો આભાર વ્યક્ત કર્યો હતો..

## ભિલોડા કોંગ્રેસનું મોંઘવારી વિરોધમાં આંદોલન

# સીલીન્ડર સાથે દેખાય "હાય રે મોંઘવારી હાય" સુત્રોચ્ચાર કર્યા,પોલીસ કાર્યકરોની અટકાયત કરી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ



ગુજરાતમાં પ્રજાનો વિશ્વાસ ગુમાવી ચુકેલી કોંગ્રેસ અસહ્ય મોંઘવારી સામે વિરોધ પ્રદર્શન કરી પ્રજાનો વિશ્વાસ પરત મેળવવા અવાજ ઉઠાવી રહી છે રાંધણગેસ, પેટ્રોલ-ડીઝલ ઉપરાંત જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે, ત્યારે મોંઘવારીના વિરોધમાં કોંગ્રેસ સમગ્ર ગુજરાતમાં જન આંદોલન કરી રહી છે તેના ભાગરૂપે અરવલ્લી કોંગ્રેસે સમીતી દ્વારા તાલુકા કક્ષાએ મોંઘવારી સામે વિરોધ પ્રદર્શન કરી મોંઘવારી પરત ખેંચવાની માંગ શરૂ કરી છે ભિલોડા કોંગ્રેસે મોંઘવારી સામે હલ્લાબોલ કરી રોડ પર સૂત્રોચ્ચાર કરતા પોલીસ દોડી આવી હતી ભિલોડા ધારાસભ્ય અનીલ જોષીયારા,પુર્વ જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘી,વનરાજસિંહ રાઠોડ સહીત કોંગી અગ્રણીઓ અને કાર્યકરોની અટકયાત કરી હતી


મોંઘવારીનો વિરોધ કરવા કોંગ્રેસે શહેરી,તાલુકા અને જીલ્લા મથકોએ જનચેતના અભિયાન શરૂ કરવા જાહેર કર્યું છે .જેમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં રોજેરોજ થઇ રહેલા વધારાની સમસ્યાને વાચા આપવા માટે આંદોલન કરી ભાવ વધારો પરત ખેંચવાની માંગ કોંગ્રેસે બુલંદ બનાવી છે.

ભિલોડા નગરમાં કોંગ્રેસના કાર્યકરો ,અગ્રણીઓ એકત્રિત થયા હતા અને હાય રે મોંઘવારી હાય, ગેસ બોટલના ભાવ ઓછા કરો, નહીં ચાહિયે યહ સરકાર જેવા સૂત્રોચ્ચાર કર્યા હતા અને મોંઘવારી નો ઉગ્ર વિરોધ કર્યો હતો ગેસ બોટલના વધતા ભાવોથી લોકોને રસોઈ કરવી પરવડતી નથી તેના પ્રતિક રૂપે સીલીન્ડર માથે ઉંચકી વિરોધ પ્રદર્શન પણ કર્યું હતું. જોકે તે દરમિયાન પોલીસે આંદોલનકારીઓને પકડી લેવા પ્રયાસ કરતા પોલીસ સાથે ખેંચતાણ પણ થઈ હતી.જેમાં પોલીસે કોંગ્રેસ અગ્રણીઓ અને કાર્યકર્તાઓની ભિલોડા પોલીસે અટકાયત કરી હતી.

કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખીને આ કાર્યક્રમની પરમિશન આપવામાં આવી ન હતી હતી. આમ છતાં આંદોલન કરતા તેઓની અટકાયત કરાઈ છે. કોંગ્રેસી અગ્રણીઓએ જણાવ્યું હતું કે અગાઉ ગેસના બોટલના ૨૦ રૂપિયા ભાવ વધ્યા હતા,ત્યારે ભાજપે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું અને આજે જયારે એક બોટલ નો ભાવ રૂપિયા ૮૪૦ થયો છે, છતાં સરકારના પેટનું પાણી હલતું નથી.

## ભૂકંપનું કેન્દ્રબિંદુ નર્મદા ડેમથી માત્ર ૫૦ કિ.મી.નોંધાયું

# સ્ટેચ્યૂ ઓફ યુનિટી અને સરદાર સરોવર નર્મદા ડેમ ખાતે ૧.૨ રિક્ટર સ્કેલની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવ્યો



રાજપીપલા, તા ૮

રાજપીપલાના કેવડીયા ખાતે આવેલ સ્ટેચ્યૂ ઓફ યુનિટી અને સરદાર સરોવર નર્મદા ડેમ ખાતે આજે ૧.૨ રિક્ટર સ્કેલની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ નર્મદા ડેમથી માત્ર ૫૦ કિ.મી. નોંધાયું હતું.

જોકે નર્મદા ડેમને કોઈ ખતરો નથી, કારણ કે નર્મદા ડેમ ૬.૫ રિક્ટર સ્કેલના ભૂકંપમાં પણ સુરક્ષિત છે. સરદાર સરોવર ડેમની ડિઝાઈન અને બાંધકામ રિક્ટર સ્કેલ મેગ્નિટ્યૂડ અનુસાર, ૬.૫ની તીવ્રતા માટે અને ધરતીકંપનું કેન્દ્ર સરદાર સરોવર ડેમથી ૧૨ કિ.મી.ની ત્રિજ્યામાં હોય તોપણ સલામત રહે એ રીતે કરવામાં આવ્યાં છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી માટે પણ આ જ પ્રકારે ચુસ્ત ધારાધોરણ અપનાવવામાં આવ્યું છે. આમ, ધરતીકંપને કારણે સરદાર સરોવર ડેમ, એના અન્ય ભાગો તેમજ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીને કોઈપણ પ્રકારની વિપરીત અસર અનુભવાઈ નથી અને ઇજનેરી કૌશલ્યના પ્રતીક સમા આ બંને સ્ટ્રક્ચર્સ સંપૂર્ણપણે સલામત છે.

સ્ટેચ્યૂ ઓફ યુનિટી ઉપર ૬.૫ ની તીવ્રતાના ભૂકંપ તથા કલાકના ૨૨૦ કિ.મી.ની ઝડપે ફૂંકાતા પવનની અસર નહી થાય. પ્રતિમાના નિર્માણમાં ૮૫ ટકા તાંબાનો ઉપયોગ કરાયો હોવાથી હજારો વર્ષો સુધી કાટ નહી લાગે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા




**પરમધર્મ સૅંસદ ૧૦૦૮ ના પરમ ધર્માધીશ જગદગુરુ શંકરાચાર્યજી મહારાજની આજ્ઞાથી પ્રવર ધર્માધીશ પૂજ્યપાદ સ્વામીશ્રી અવિમુકતેશ્વરાનંદ સરસ્વતીજી મહારાજની આજ્ઞા અનુસાર પરમધર્મસભાં ગુજરાતના અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ધર્માધાયક પદે ભરતભાઈ ખુમાણ મોટા આગરીયાવાળાની નિમણૂક કરવામાં આવી.નિમણૂક પત્ર અર્પણ કરતા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ કિશોર શાસ્ત્રીજી તેમજ ધર્મ સાંસદ ભક્તિગિરી માતાજી દામનગર તેમજ ઘેલા સોમનાથ મહન્ત મહારાજ વિક્રમગિરી મહારાજ તેમજ નિજાનંદગિરીજી મહારાજ છોટાઉદેપુર રાજકોટ સર્કિટહાઉસ ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં હીરાણા આશ્રમના મહંત મહારાજ ગોપાલદાસબાપુ તેમજ રાજકોટના પૂર્વ સાંસદ રામજીભાઈ માવાણી તેમજ પૂર્વ સાંસદ રમાબેનમાવાણી તેમજ બહોળી સૅંખ્યામાં સંતો મહન્તો ની ઉપસ્થિતરહી હતી.ભરતભાઈ ખુમાણની નિમણૂકથી રાજુલા તાલુકામાં ધર્મસાંસદ ૧૦૦૮ પરિવારમાં ખુશીની લાગણી વ્યાપી ગઈ હતી**

# આર.ટી.ઓ.દ્વારા મોટર સાયકલની અને કાર સીરીઝ માટે ઇ-ઓકશન શરૂ

અમદાવાદ આર.ટી.ઓ.ની કચેરી દ્વારા મોટરીંગ પબ્લિકની સગવડતા માટે પસંદગીના નંબર માટે ન.સ.ફ.ઝઠમિાં અગાઉની સિરીઝ ય્ત્ન ૦૧ ઈસ્ થી ઉઝ તેમજ મોટરસાયકલમાં અગાઉની સિરીઝ ય્ત્ન ૦૧ ઈરૂ થી ફજ્ઞ માં બાકી રહેલા ગોલ્ડન/ સિલ્વર નંબરનું રી-ઓકશનથી શરૂ કરવામાં આવેલ છે. વાહન માલિકો તેમના વાહનનું રજિસ્ટ્રેશન કરાવી HTTP:// vahan.parivahan.gov.in/ fancy પર રજિસ્ટ્રેશન કરી ઈ-ઓક્શનમાં ભાગ લઈ શકશે.

તા. ૧૫-૦૭-૨૦૨૧ થી તા. ૧૭-૦૭-૨૦૨૧ સુધી ઈ-ઓકશન માટે ઓનલાઇન ફોર્મ રજિસ્ટ્રેશન કરાવવાના રહેશે. તા. ૧૮ જુલાઇનાઅ રોજ ઇ-ઓકશનનું બીડીંગ ઓપન થશે. તા. ૨૦ જુલાઇના રોજ ઇ-ઓકશન બંધ થશે. ગોલ્ડન નંબર માટે ૮ હજાર રૂપિયા(ટુ અને થ્રી વ્હીલર માટે ) અને ફોર વ્હીલર માટે રૂ.૪૦ હજાર ફી રહેશે. સિલ્વર નંબર માટે ૩૫૦૦ રૂ. (ટુ અને થ્રી વ્હીલર માટે ) અને ફોર વ્હીલર માટે રૂ.૧૫ હજાર ફી રહેશે. જ્યારે અન્ય નંબરો માટે ૨૦૦૦/ ૮૦૦૦ રૂપિયા ફી રહેશે.

વાહનના સેલ લેટર અને સેલ તારીખ થી ગોલ્ડન અને સિલ્વર નંબર માટે ૬૦ દિવસ સુધી તથા અન્ય નંબરો માટે ૩૦ દિવસ સુધી અરજદારો ઇ-ઓક્શનમાં ભાગ લઇ શકશે તેમ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, અમદાવાદની અખબારી યાદીમાં જણાવાયું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CMYK